# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ, તા. ૦૬/૦૯/૨૦૧૮

તંત્રીશ્રી,

ગુજરાત મિત્ર,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન વિનામૂલ્યે પ્રસિધ્ધ કરશોજી.

લી.

**શૈલેષભાઈ પટેલ**

કાર્યાલય મંત્રી,

ભાજપ–સુરત મહાનગર

- **સાહિત્યકાર અને પીઢ પત્રકાર ભગવતીકુમાર શર્માને શ્રધ્ધાંજલિ પાઠવતા ભાજપ–શહેર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળા.**

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળાએ વિખ્યાત સાહિત્યકાર, મૂર્ધન્ય કવિ અને પીઢ પત્રકાર ભગવતીકુમાર શર્માના નિધન પર ઉંડા શોકની લાગણી વ્યક્ત કરી છે.

શહેરના મજુરાગેટ ખાતે આવેલા દયાળજી આશ્રમમાં આયોજીત પ્રાર્થનાસભામાં ભગવતીકુમાર શર્માને અંજલિ આપતા જણાવ્યું હતું કે તેઓ ઓજસ્વી સાહિત્યના સર્જક અને સાંપ્રત પ્રવાહોને પત્રકારની કલમે સમાજ સામે મૂકનાર, મન વચન અને કર્મના એકત્ત્વના આરાધક ગુજરાતી સાહિત્ય તથા પત્રકાર જગતના વિરલ વ્યક્તિ હતા. સાહિત્ય અને પત્રકારત્ત્વ ક્ષેત્રમાં તેમની સુદિર્ઘ યાત્રા દરમ્યાન તેમણે અમૂલ્ય પ્રદાન કર્યુ છે. તેઓના નિધનથી સાહિત્ય જગતને પૂરી ન શકાય તેવી ખોટ પડી છે.

શ્રી નીતિનભાઈ ભજીયાવાળાએ તેમના પરિવારજનોને સાંત્વના પાઠવતા પ્રભુ સદ્ગતના આત્માને ચીર શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરી હતી.